વા.જ.રો.નિ.જા.નં.૬૦ /૨૦૧૮-૧૯
વા.જ.રો.નિ.શાખા/આરોગ્ય વિભાગ
વડોદરા મહાનગરપાલિકા
Most urgent / Most Important
તા.૨૭ / ૪ /૨૦૧૮

જિ.શિ.અ. કચેરી,વડોદરા
પત્રની નોંધણી નંબર ૨૫૫૨
તારીખ ૩/૫/૨૦૧૮
સહી
B.O.3
કચેરીની સહી

પ્રતિ,
કુલપતિ શ્રી-એમ.એસ.યુનિ. વડોદરા,
શિક્ષણ અધિકારીશ્રી,-પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ
શાસનાઅધિકારીશ્રી, નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ,વડોદરા મહાનગરપાલિકા.

વિષય: મેલેરિયા મુક્ત ગુજરાત-૨૦૨૨ અભિયાન અંતર્ગત આપના વિભાગ દ્વારા કરવાની થતી કામગીરી બાબત.

સંદર્ભઃ- (૧) મા.અગ્ર સચિવશ્રી,ઉચ્ચ શિક્ષણ તેમજ અગ્ર સચિવશ્રી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ગાંધીનગર તથા કમિશ્નરશ્રી આરોગ્ય અને અગ્ર સચિવશ્રી જાહેર આરોગ્ય ગાંધીનગર ના સંયુકત રીતે કરેલ પત્ર નં. ૧૬૦/મેલેરિયા મુક્ત ગુજરાત-૨૦૨૨/એમ/ટેક/૧૭, તા.૧૩/૦૪/૨૦૧૭

(૨) મા.મ્યુનિ.કમિશ્નરશ્રીના પત્ર ફા.જા.નં. ૮૫/૨૦૧૭-૧૮ તા. ૦૨/૦૫/૨૦૧૭

રાજ્ય સરકારે મેલેરિયા મુક્ત ગુજરાત-૨૦૨૨ અભિયાન હાથ ધરેલ છે. આ અભિયાન અંતર્ગત મચ્છર ઉત્પતિ રોકવા, મેલેરિયાના દર્દીઓના નિદાન, રીપોર્ટીંગ તેમજ તેમની સત્વરે અને સંપૂર્ણ સારવાર માટે વિવિધ પ્રકાર ની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે. આ અભિયાન થકી ગુજરાતમાં મેલેરિયા તેમજ બીજા મચ્છરોથી થતા રોગોનો ફેલાવો અટકાવી નાબુદી તરફ લઇ જવાની રાજ્ય સરકારની નેમ છે.

આ અભિયાન અંતર્ગત શિક્ષણ વિભાગ હસ્તકની તમામ શાળાઓ અને કોલેજોના પરીસરમાં ઉભા થતા પાણી નાં સ્ત્રોતો તેમજ જે-તે વિભાગના સંકુલમાં/પરિસરમાં આવેલ ખુલ્લી જગ્યાએ ઉભાં થતાં પાણીના સ્ત્રોતો માથી મચ્છર ઉત્પતિ અટકાવવી જરૂરી છે. આ અંગે તમામ કોલેજો અને શાળામાં નીચે પ્રમાણે ની કામગીરી કરવા સુચના આપવામાં આવે છે.

(૧) તમામ કોલેજો અને શાળાઓમાં દર મહિને પાણીના સ્ત્રોતોની મોજણી કરી મચ્છર ઉત્પતિ અટકાવવાની કામગીરી કરાવવી. પાણીની ટાંકીને હવાચુસ્ત ઢાંકણ લગાવવા.
(૨) તમામ કોલેજો અને શાળા કેમ્પસની ખુલ્લી જગ્યા/અગાસીમાં સ્થગિત થયેલ પાણીમાં મચ્છર ઉત્પતિ અંગે ચકાસણી કરી તે અટકાવવા માટે કેમિકલ અથવા જૈવિક નિયંત્રણ પધ્ધતિથી કામગીરી કરવી.

(૩) તમામ કોલેજો અને શાળાના વિધાર્થીઓ તેમના ઘરમાં અને આજુ-બાજુ મચ્છર ઉત્પતિ શોધવા અને તેને નાબુદ કરવા સંદર્ભમાં આરોગ્ય શિક્ષણ આપવું. શાળાના વિધાર્થીઓ દ્વારા તેમના ઘરોમાં આવી કામગીરી સક્રિય રીતે કરવામાં આવે તે ઝુંબેશ ગોઠવવી.

(૪) તમામ કોલેજો અને શાળાઓમાં મેલેરીયા અને અન્ય વાહક જન્ય રોગોના સંદર્ભમાં સ્પર્ધાઓ યોજી તેમાં વિધાર્થીઓને સામેલ કરવા.

ઉપર મુજબની કામગીરીની દર મહિને સમીક્ષા કરી જરૂરી પગલા ભરવાના રહેશે. આ અંગે તાંત્રિક મદદની જરુરીયાત જણાય તો વા.જ.રો.નિ.શાખા/આરોગ્ય વિભાગ વડોદરા મહાનગરપાલિકાનો સહયોગ લઇ શકાશે. આ અંગે કરેલ કામગીરીનો અહેવાલ સમયાંતરે વા.જ.રો.નિ.શાખા/આરોગ્ય વિભાગ ને મોકલી આપવા વિનંતી.

ડે.મ્યુનિ.કમિશ્નર (આરોગ્ય)
વડોદરા મહાનગરપાલિકા.

નકલ સવિનય રવાના:

- કમિશ્નરશ્રી(આરોગ્ય) અને અગ્રસચિવશ્રી (જાહેર આરોગ્ય),ગાંધીનગર........તરફ જાણ સારૂ.
- સંયુક્ત નિયામક શ્રી,એન.વી.બી.ડી.સી.પી.ગાંધીનગર. ........તરફ જાણ સારૂ.
- વિભાગીય નાયબ નિયામકશ્રી આ. અને તા. સે. વડોદરા.......તરફ જાણ સારૂ.

નકલ રવાના:

- ડે.મ્યુ.કમિશ્નરશ્રી(તમામ),વડોદરા મહાનગરપાલિકા. .......તરફ .જાણ તેમજ જરૂરી થવા સારૂ.
- આરોગ્ય અમલદારશ્રી, વડોદરા મહાનગરપાલિકા........ તરફ .જાણ તેમજ જરૂરી થવા સારૂ.
- અધિક આરોગ્ય અમલદારશ્રી, વડોદરા મહાનગરપાલિકા અમલવારી કરાવવા સારૂ........ તરફ .જાણ તેમજ જરૂરી થવા સારૂ.
- ફેમીલી વેલ્ફેર મેડીકલ ઓફિસરશ્રી વડોદરા મહાનગરપાલિકા ........ તરફ .જાણ તેમજ જરૂરી થવા સારૂ.
- ડે.હેલ્થ ઓફિસરશ્રી. વડોદરા મહાનગરપાલિકા,તમામ.... તરફ .જાણ તેમજ જરૂરી થવા સારૂ.
- બાયોલોજીસ્ટ્શ્રી, વડોદરા મહાનગરપાલિકા,તમામ.... તરફ .જાણ તેમજ જરૂરી થવા સારૂ.

૨૦૬૫૨
ક્રમાંક/ક-૩/ ૫૮ /૨૦૧૫
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮.
તારીખ: ૭/ ૫/ ૨૦૧૫

[illegible handwritten endorsement]

ક્રમાંક/ક-૩/ /૨૦૧૫
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮.
તારીખ: / ૫ /૨૦૧૫